### ‘તંત્રની બહેરાશ સામે જનતાનો નાદ’

# બિસમાર રસ્તા મુદ્દે રહીશોએ ઢોલ-નગારા સાથે અટલાદરા વિસ્તાર ગજવ્યું

**ચૂંટણી** સમયે હાથ જોડતા નેતાઓ જીત્યા પછી મોઢું પણ બતાવતા નથી તેવો સ્થાનિકોએ આક્ષેપ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના વોર્ડ નંબર 12 માં આવેલા અટલાદરા વિસ્તારની પ્રમુખસ્વામી કુટીર સોસાયટીના રહીશોએ છેલ્લા ઘણા સમયથી બિસ્માર રોડ-રસ્તા અને પાયાની સુવિધાઓના અભાવે આજે આક્રમક અને અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વર્ષોથી પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા સ્થાનિકોએ ભેગા મળી ઢોલ, નગારા અને મંજીરા વગાડીને મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક કોર્પોરેટરો સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.



સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સોસાયટીને જોડતા મુખ્ય રસ્તાઓ અત્યંત ખખડધજ હાલતમાં છે. જેના કારણે અહીં અવારનવાર અકસ્માતો સર્જાય છે. તાજેતરમાં જ બે થી ત્રણ ગંભીર અકસ્માતો થયા હોવાનું અને લોકોના હાથ-પગ તૂટ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

માત્ર રસ્તા જ નહીં, પણ પીવાના પાણીની સમસ્યા પણ વિકટ બની છે. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે પાઈપલાઈન તૂટી જવાને કારણે નળમાં ડોળું અને ગંદુ પાણી આવે છે. જેના લીધે નાના બાળકો બીમાર પડી રહ્યા છે અને લોકોએ પીવાનું પાણી બહારથી ખરીદવાની ફરજ પડી રહી છે. ગટર લાઈનો પણ અવારનવાર ઉભરાતી હોવાથી વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે.

વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા રહીશોએ રોષ સાથે જણાવ્યું હતું કે, “અમે નિયમિત વેરો ભરીએ છીએ, પણ સુવિધાના નામે શૂન્ય છે. ચૂંટણી સમયે મતો લેવા માટે નેતાઓ સોસાયટીમાં આવે છે, પણ જીત્યા પછી કોઈ ડોકાતું નથી. ઘણા રહીશોએ તો એમ પણ કહ્યું કે અમે અમારા વોર્ડના કોર્પોરેટરના ચહેરા પણ જોયા નથી.”

# યુવકને મારવાની ઘટના ગોરવા પોલીસે ભાજપના કાર્યકર્તા સહિત 4 સામે ગુનો દાખલ કર્યો

**સામા** પક્ષના યુવકે પણ 11 લોકો સામે ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ ) વડોદરા તા.18

ગોરવા કરોડિયા રોડ પર રહેતા યુવકને ભાજપના કાર્યકર્તા સહિતના ચાર લોકોઓ ઢોર માર મારવામાં આવ્યો હતો.જેમાં બંને પક્ષે સામસામે ફરિયાદ દાખલ કરાવતા ગોરવા પોલીસે બંને પક્ષના 15 લોકો સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના ગોરવા કરોડિયા રોડ પર આવેલી જયનારાયણ સોસાયટીમાં રહેતા આયુશભાઈ વિનોદભાઈ રાજપૂતને જૂના ઝઘડાની અદાવત રાખીને સન્ની ચિતેએ ઉત્તરાયણના દિવસે તુએ મને જેલમાં કેમ પુરાવ્યો હતો તેમ કહી ઝઘડો કર્યો હતો અને માર માર્યો હતો. જેનું ઉપરાણુ લઈને ગણેશ જગદલે, નિલેશ છાસટીયા તથા ભાજપના કાર્યકર્તા નિકુલ ઉર્ફે શંભુ ચૌહાણ દ્વારા પણ દોડી આવ્યાં હતા યુવક પર ઘરમાં ઘુસીને બેઝબોલની સ્ટીક વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેથી યુવકે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

જ્યારે સામા પક્ષના નિલેશ છાસટિયાએ પણ ફરિયાદ નોંધાવી છે કે આયુષ, મહેન્દ્ર બારિયા, સંજય ચૌધરી, રાકેશ ચૌધરી, પ્રતિક ભટ્ટ, સમીર રાઠોડ, સુશિલ રાજપૂત, સુમિત રાજપૂત મોહિત રાજપૂત, દિપાલી રાજપૂત તથા તન્વી ભટ્ટ દ્વારા હુ ઘરેથી બહાર જવાનીકળ્યો હતો ત્યારે 11 લોકોએ ભેગા મળીને મને તથા મારા મિત્રોને ધમકી આપી હતી. ગોરવા પોલીસ દ્વારા બંને પક્ષોની સામસામે ફરિયાદ નોંધીને 15 લોકો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# બે પાંડવો પાણીમાં કેમ બેઠા? અહીં વિચારધારામાં ફૂટ નથી, અહીં તો સુવિધાની સમજદારી છે

**ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ**

પાંચ પાંડવો એકસાથે મેદાનમાં ઉતર્યા હતા. તીર-કમાન તણાયેલા, ગદા-ભાલા ચમકતા. સંદેશ સ્પષ્ટ હતો–

“હવે તો લડાઈ થશે.”

પણ લડાઈ શરૂ થાય એ પહેલાં જ બે પાંડવોને અચાનક અહિંસા સૂઝી ગઈ. તલવાર ઉગામવાની વાત હતી, ત્યાં તો હાથ જોડાઈ ગયા. વિરોધ કરવાની તૈયારી હતી, ત્યાં પ્રશંસાના બે શ્લોકો પણ ગવાઈ ગયા.

રણનીતિ કંઈક આવી નક્કી થઈ હતી–

ત્રણ ધારાસભ્યો બેઠકનો બહિષ્કાર કરશે

અને બે હાજર રહી નારાજગી વ્યક્ત કરશે.

પણ થયું શું?

ત્રણ જણ હજુ પણ રણભૂમિમાં ઊભા છે

અને બે જણ તો સીધા રાજદરબારમાં જઈ બેઠા.

હવે પ્રશ્ન ઊઠે છે–

આ હૃદય પરિવર્તન અચાનક કેમ?

કોઈક “દબાણ” આવ્યું હશે?

અથવા વર્ષોથી પેન્ડિંગ પડેલા કામો અચાનક “થઈ જશે” એવી ખાતરી મળી ગઈ હશે?

કે પછી સમજાઈ ગયું હશે કે લડાઈ કરતાં લાઈનમાં ઊભા રહેવું વધારે ફાયદાકારક છે?

પરિણામ એ કે બાકીના ત્રણ પાંડવો હવે એકબીજાને જોઈને પૂછે છે–

“અરે, આપણે તો લડવા નીકળ્યા હતા ને?”

ઉપરથી મુખ્યમંત્રીને લખેલા પત્રનો હજુ સુધી કોઈ જવાબ નથી.

પહેલાં તો નારાજગી બતાવીને કામ કઢાવી લેવાતા હતા.

પણ આ વખતે એવું તો નહીં બને ને કે–

‘રૂઠે હો તો રૂઠે હિ રહો સનમ’?

સારાંશ સાદો છે–

અહીં વિચારધારામાં ફૂટ નથી,

અહીં તો સુવિધાની સમજદારી છે.

કોઈ હજુ પણ પાંડવ છે,

અને કોઈએ તો શાંતિથી કૌરવી પદ્ધતિ અપનાવી લીધી છે..

એમને તો એવી રીતે અવગણવામાં આવ્યા જાણે તેઓ સ્ટેડિયમની બહારના બેનર હોય.

શકુનીનો હેતુ એકદમ સ્પષ્ટ છે–

આવનારી ચૂંટણીમાં સત્તાધારીને જેટલું બને તેટલું નુકસાન પહોંચાડવું.

ક્રિકેટ માત્ર બહાનું છે, અસલી મેચ તો મતદાનના મેદાનમાં રમાવાની છે.

હવે ચૂંટણીના બુગલ વાગી ચૂક્યા છે.

પ્રશ્ન એક જ છે–

આ શકુનિઓની ચાલ કેટલી ચાલશે?

અને રાજસિંહાસન કેટલું સ્થિર રહેશે?

જવાબ તો સમય આપશે

પણ એટલું ચોક્કસ છે કે અહીં ક્રિકેટ ઓછું અને કોઠા કબાડા વધારે રમાય છે.

### બીસીએનું સિંહાસન ડગમગતું જોવામાં ક્યા શકુનીને રસ !

વડોદરામાં ક્રિકેટ રમ્યા વગર ક્રિકેટરોને રમાડવાનો અહમ સંતોષ મેળવનારી જે મંડળી છે, તેનું નામ છે બરોડા ક્રિકેટ એસોસિયેશન.

અહીં બેટ કરતાં બેઠક વધુ ભારે છે, અને બોલ કરતાં બોલચાલ વધારે થાય છે.

એક સમય હતો જ્યારે અહીં રાજાઓ રાજ કરતા–નામે રાજા, વર્તનમાં પણ રાજા.

હવે સમય બદલાયો છે. તાજ-મુકુટ નહીં, રૂપિયાનું રાજ છે.

જોકે , અહીં પણ પિતાએ જેવું સામ્રાજ્ય ઊભું કર્યું, એનો વારસો પુત્ર સંભાળે છે–સંપૂર્ણ રાજશાહી પરંપરા, બસ લોકશાહીનો પડદો ઓઢી લીધો છે.

પણ દરબાર તો દરબાર જેવો જ હોય.

કેટલાક વફાદાર, તો કેટલાક એવા પણ કે જેમને રાજા કરતાં સિંહાસન ડગમગતું જોવામાં વધારે રસ.

આધુનિક શકુનિઓ દિવસ-રાત ચેસબોર્ડ ગોઠવી રહ્યા છે–પાસા ફેંકાય છે, ખેલાડી નહીં.

થોડા દિવસ પહેલા રમાયેલી વનડે મેચ એનું જીવંત ઉદાહરણ હતી.

ક્રિકેટ કરતાં અંધાધૂંધી વધારે જોવા મળી.

શહેરના “મોટા કહેવાતા” લોકો?

### હરણીના 14 મોતનો દિવસ, મુખ્યમંત્રી ન આવ્યા એટલે તંત્રને હાશકારો

રવિવારે મુખ્યમંત્રીના વડોદરા આગમનની ખબર ફેલાતાં જ પોલીસ અને કોર્પોરેશનના તંત્રનું બ્લડ પ્રેશર હાઈ થઈ ગયું હતું. કોઈ સાયરન નહોતું, છતાં આખું તંત્ર ઈમરજન્સી મોડમાં આવી ગયું. કારણ સાદું હતું–મુખ્યમંત્રી આવવાના નહોતા કોઈ સરકારી કાર્યક્રમ માટે, પરંતુ સમય એવો હતો કે તંત્રને ઊંઘ ઉડી ગઈ.

કાર્યક્રમ પટેલ સમાજની હોસ્ટેલના લોકાર્પણનો હતો. આમ તો સૌમ્ય અને નિર્દોષ કાર્યક્રમ. પરંતુ તારીખ?

એ જ દિવસ, જ્યારે બે વર્ષ પહેલા હરણી તળાવમાં 12 બાળકો અને 2 શિક્ષિકાઓ જળસમાધિ લઈ ગયા હતા. શોકદિન જનતા માટે, પરંતુ તંત્ર માટે ટેન્શન ડે.

બે વર્ષ વીતી ગયા. મૃતક બાળકોના વાલીઓ આજે પણ ન્યાય માટે ધક્કા ખાઈ રહ્યા છે. આરોપીઓ જામીન પર બહાર આવી “લીલા લહેર” કરી રહ્યા છે. વેદના સાંભળનાર? એ તો ફાઈલના તળિયે દબાઈ ગઈ છે.

આ પહેલાંના એક કાર્યક્રમમાં મૃતક બાળકની એક માતા પોતાની વાત રજૂ કરવા ઊભી થઈ હતી. ત્યારે મૃદુ અને સંવેદનશીલ ગણાતા ભૂપેન્દ્ર પટેલનું અલગ જ રૂપ જોવા મળ્યું હતું–

“તમે એજન્ડા લઈને આવ્યા છો.”

એક વાક્યે સજ્જનતાની છબી પર ઝાંખપ છાંટી દીધી હતી.

એટલે રવિવારના કાર્યક્રમ માટે તૈયારી એવી કરવામાં આવી હતી કે–

વાલીઓ પર પહેરો,

વિપક્ષના નેતાઓ પર નજર,

ખુફિયા તંત્ર ફુલ એક્ટિવ.

પ્રશ્નો ઊભા ન થાય, માઈક સુધી પહોંચે નહીં–એ જ મુખ્ય એજન્ડા.

પણ રવિવારની સવારે જાહેરાત થઈ–મુખ્યમંત્રી નહીં આવે.

અને તંત્રે લીધો દીર્ઘ શ્વાસ.

“હાશ આજે બચી ગયા.”

પરંતુ સવાલ એ જ છે–

આ હાશકારો કેટલા દિવસ?

ક્યારેક તો વાસ્તવિકતાનો સામનો કરવો પડશે ને?

કે પછી 14 નિર્દોષ લોકોના મોત હંમેશા ફાઈલોમાં જ ગુમ થઈ જશે?

કાર્યક્રમો રદ થઈ શકે, આગમન ટળી શકે,

પણ જવાબદારીને કેટલા દિવસ ટાળશો?

કે એ પણ “એજન્ડા” જ ગણાશે?

**ગુજરાતમિત્ર**

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા “સમવાદ 16”નું સફળ આયોજન



વડોદરા : બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા “સમવાદ 16” કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય વિષય “હાસ્ય” હતો, જે માત્ર મનોરંજન નહીં પરંતુ માનસિક સુખાકારી અને આંતરિક શાંતિ માટે મહત્વપૂર્ણ હોવાનું સંદેશ આપતો હતો. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી, જે ફાઉન્ડેશનની સ્થાપક અને નિર્દેશિકા કિન્નરી હરિયાણી, મહેમાન શ્વેતા ઉપાધ્યાય તથા સ્વયંસેવિકા નેહા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વાડી બદરી મોહલ્લામાં હેરિટેજ વૉક યોજાઈ, 36 સભ્યોએ ભાગ લીધો



વડોદરા : નૂરાની મસ્જીદ થી શરૂ થયો હતો જ્યાં તમામે મસ્જીદ નું આર્કિટેક્ચર જોયું હતું. આ મસ્જીદ ને ૫૩ વર્ષ પૂરા થયા છે અને આની જગ્યા પર ૩૫૦ વર્ષ જૂની મસ્જીદ હતી. આ મસ્જીદ ને મારબલ નું વન્ડર કહેવામાં આવે છે. ડૉ ભાઈસાહેબ ઝુલકરનૈન જેઓએ આ વૉક હોસ્ટ કર્યો હતો એમણે જણાવ્યું હતું કે ધાર્મિક સ્થળ એ ફક્ત ધાર્મિક ક્રિયા માટે નહીં પણ એક સ્કૂલ, એક સામાજિક કેન્દ્રબિંદુ હતું. આજે બધું જુદુ થઈ ગયું છે. આપણું ધરોહર જ આપણી ઓળખ છે અને એજ હમારા અસ્તિત્વ નું કારણ છે

### MSU પેવેલિયન ખાતે આઠમી ગુજરાત સ્ટેટ માસ્ટર ગેમ્સમાં 20 જિલ્લાના 250 ખેલાડીઓએ ભાગ લીધો



વડોદરા : ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના સંદેશ સાથે રમતો અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપતી 8મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ગેમ્સ-2026 નું ભવ્ય આયોજન એમએસ યુનિવર્સિટી ના પેવેલિયન ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધાનું આયોજન માસ્ટર્સ ગેમ્સ એસોસિયેશન ગુજરાત દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યના 20 જિલ્લાઓમાંથી અંદાજે 250 જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, ખેલાડીઓએ રનિંગ, ગોળાફેંક, ભાલાફેંક, લાંબી કૂદ સહિતની વિવિધ સ્પર્ધાઓમાં પોતાની પ્રતિભા રજૂ કરી હતી.

### હરણી બોટકાંડના બે વર્ષ પૂર્ણ, મૃતકોની યાદમાં પાણીગેટ કબરસ્તાનમાં વિશેષ દુઆનું આયોજન



વડોદરા : સમગ્ર દેશને હચમચાવી નાખનાર વડોદરાના હરણી બોટકાંડની દુર્ઘટનાને આજે બે વર્ષ પૂર્ણ થયા છે. આ નિમિત્તે શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા સૈયદ ઝાફર સહિતના કબરસ્તાનમાં બોટકાંડમાં જાન ગુમાવનાર માસૂમ બાળકોની યાદમાં વિશેષ દુઆ અને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. આ શોકમય પ્રસંગે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા અને દુર્ઘટનામાં જીવ ગુમાવનાર 12 બાળકો અને બે શિક્ષકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

### શાળા સામે ભોગ બનનારને વળતર ચૂકવવા માટે વ્યક્તિ દીઠ 1,51,00000 દાવા

# હરણી બોટકાંડના પીડીત પરિવારના 11 લોકોએ ગ્રાહક કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી

પ્રતિનિધિ ) વડોદરા તા.8

હરણી બોટ કાંડની ગોઝારી દુર્ઘટનાને બે વર્ષ પૂર્ણ થયા છે પરંતુ હજુ સુધી પીડીત પરિવારોને કોઈ પ્રકારનો ન્યાય મળ્યો નથી. જેથી પીડીત પરીવારના 11 વાલીઓ દ્વારા ગ્રાહક કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી છે. જેમાં શાળા વ્યક્તિ દીઠ 1,51,00,000 મળીને 16,51,00,000નો દાવો કરવામાં આવ્યો છે. વડોદરા 18 જાન્યુઆરી 2024ના રોજ વડોદરાના હરણી લેક ઝોનમાં સર્જાયેલી ગોઝારી બોટ દુર્ઘટનાને બે વર્ષ પૂર્ણ થયા છે.

આ દુર્ઘટનામાં ન્યુ સનરાઈઝ સ્કૂલના 12 નિર્દોષ બાળકો અને 2 શિક્ષિકાઓએ પાણીમાં ગરકાવ થઇ જતા જીવ ગુમાવ્યા હતા. ત્યારે બે વર્ષ બાદ પણ પીડિત પરિવારો આ ગોઝારી ઘટનાને યાદ કરી ચૌધાર આસુએ રડ્યા હતા જેમાં દુર્ઘટનાના દિવસે ક્ષમતા કરતા વધુ બાળકોને લાઈફ જેકેટ વગર નાવમાં બેસાડવામાં આવ્યા હતા.

પરિવારોના જણાવ્યા મુજબ, તેમને માત્ર વોટર પાર્કની જાણ કરવામાં આવી હતી, બોટિંગ વિશે કોઈ લેખિત સંમતિ લેવાઈ નહોતી.

ભ્રષ્ટાચાર અને સુરક્ષાના નિયમોના લીરેલીરા ઉડવાને કારણે આ હૃદયદ્રાવક ઘટના બની હતી. પીડિતોએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી સમક્ષ અનેકવાર રજૂઆતો કરી હતી અને તમામ અધિકારીઓ, સ્કૂલ ટ્રસ્ટીઓ અને કોટિયા પ્રોજેક્ટના સંચાલકોને કડકમાં કડક સજા થાય તેની માગણી કરવામાં આવી હતી. ન્યૂ સનરાઈઝ સ્કૂલ ગેરકાયદે પ્રવાસનું આયોજન કર્યું હતુ.

તેની સામે પીડિત પરિવારોમાંથી 11 વાલીઓ દ્વારા વડોદરાની ગ્રાહક કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં દરેક ફરિયાદ દીઠ 1.51,00,000 એમ 16,51,00,000 ના વળતરનો દાવો શાળા સામે કરવામાં આવ્યો છે. મૃત્યુકાંડ બાદ ડીઈઓ કચેરીથી નજીવો એવો રૂપિયા 10,000નો દંડ કરવામાં આવ્યો હતો. જે તમામ બાબતોને આવરીને વાલીઓ હવે શાળા સામે વળતરની કાર્યવાહી હાથ ધરી છે.

### અગમ્ય કારણોસર યુવકે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

શહેરના સોમા તળાવ ચાર રસ્તા નજીક આવેલા વુડા આવાસમાં યુવાને અગમ્ય કારણસર અંતિમ પગલું ભરી લીધું હતું. યુવકના મોતથી પરિવારજનો ઘેરા શોકમાં સરી પડ્યા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથધરી છે.

આશરે 25 વર્ષીય મોસીન હુસેન મિયા રંગવાલાએ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બનાવને પગલે પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી. પોલીસે યુવકના મૃતદેહને નીચે ઉતાર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં સ્થળ પરથી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી અને આત્મહત્યાના ચોક્કસ કારણ અંગે હજી સુધી સ્પષ્ટતા થઈ નથી. આપઘાત કરવા પાછળનું કારણ જાણવા પોલીસે પરિવારજનો તથા આસપાસના લોકોના નિવેદનો નોંધવા સાથે આગળની તપાસ હાથધરી હતી.

### જૂની અદાવતે વાઘોડિયા રોડના યુવક પર લોખંડના સળિયાથી હુમલો

વડોદરા : વાઘોડિયા રોડ પર આવેલી મધુનગરમાં રહેતા પ્રીતેષ રાજુભાઈ કહારે ફરીયાદ નોંધાવી છે કે હુ વડોદરા મ્યુન્સિપાલ કોર્પોરેશનમાં કોંટ્રાકબેઝ પર લેબર તરીકે નોકરી કરૂ છુ. 15 જાન્યુઆરીએ સાંજના આશરે ચારેક વાગ્યાની આસપાસ હુ ઉત્તરાયણનો તહેવાર હોવાથી મારા મિત્ર કરણ જાદવને ત્યા જવા માટે નીકળ્યો હતો. તે વખતે રસ્તાની વચ્ચે કચરાની ડોલ પડેલ હોય જે ડોલ મે બાજુમાં હટાવી અને હું ત્યાથી જતો રહ્યો અને સાડા સાતેક વાગ્યાની આસપાસ હુ પરત મારા ઘરે આવેલ તે વખતે આ દિલીપ તથા તેનો ભાઈ દિપક ગોડીયા કચરાની ડોલ બતે ગમેતેમ બોલતા હુ વાતચીત કરવા ગયો હતો. ત્યારે ઝઘડો થયા બાદ સમાધાન પણ થયું હતું. દરમિયાન શનિવારે આશરે રાત્રીના હું મારા ઘરે આવતો હતો ત્યારે દિલીપ તથા તેનો ભાઈ દિપક ગૌડીયા, સુઝલ કહાર તથા પ્રેમ કહાર અગાઉની અદાવતે ઝઘડો કરી તો તને પતાવી જ દેવાનો છે તેવું કહી લોકોએ મને ગડદાપાટુની માર માર્યો હતો. પોલીસે ચાર હુમલાખોર વિરુદ્ધ ગુનો નોંધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### અટલાદરાવા વેરાઈ માતાના મંદિર પાસે અકસ્માત





શહેરમાં અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે આજ રોજ શહેરના અટલાદરા વિસ્તારમાં સર્જાયો અકસ્માત. અટલાદરા વિસ્તારમાં આવેલા વેરાઈ માતાના મંદિર પાસે એક છોટા હાથી ટેમ્પો ચાલકે એક બાળકને અડફેટે લેતા સર્જાયો અકસ્માત. સદનશીબે બાળકને સામાન્ય ઇજા પહોંચી હોય તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ અટલાદરા પોલીસ ને થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સવાલ એ છે કે વડોદરા શહેરમાં વારંવાર સર્જાય રહેલા અકસ્માતોના બનાવ પર લગામ ક્યારે લાગશે. ટ્રાફિક પોલીસ ની કામગીરી પર પણ લોકો સવાલ કરી રહ્યા છે.

### વડોદરા પાલિકાની ઘોર બેદરકારી

# રોડ કામમાં વપરાતું નંબર પ્લેટ વગરનું વાહન અધવચ્ચે ફસાયું



વડોદરા : વડોદરા શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાતો વચ્ચે કોર્પોરેશનના ભ્રષ્ટાચાર અને નિષ્કાળજીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. વોર્ડ નંબર ૧૦ માં ચાલી રહેલા રોડના કામમાં એક ડમ્પર અચાનક રોડ બેસી જવાથી ખાડામાં ફસાયું હતું. જોકે, આ ઘટનામાં ચોંકાવનારી વાત એ છે કે, આ ડમ્પર પર કોઈ પણ પ્રકારની નંબર પ્લેટ નહોતી. સવાલ એ થાય છે કે, ટ્રાફિક પોલીસ અને કોર્પોરેશનના નાક નીચેથી નંબર પ્લેટ વગરનું આટલું મોટું ભારેખમ ડમ્પર છેક વોર્ડ ૧૦ સુધી પહોંચ્યું કેવી રીતે ? શું તંત્રને આ દેખાયું નહીં, કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરવામાં આવ્યા ? વોર્ડ નંબર ૧૦ માં રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું ત્યારે ત્યાં આ ડમ્પર પસાર થઈ રહ્યું હતું. અચાનક નબળા કામને કારણે રોડ બેસી ગયો અને ડમ્પર તેમાં ફસાઈ ગયું. ઘટના સ્થળે હાજર લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

# ભક્તજનો પુષ્પમાળાઓ લઈને આવ્યા, પોતાને ભાવતા વ્યંજન પણ ગુરુને અર્પણ કર્યા

વડોદરા : ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી તથા બીએપીએસ સંસ્થાના વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ શુક્રવારે વડોદરા પધાર્યા હતા. તેમના આગમન નિમિત્તે આજે રવિવારે સાંજે યોજાયેલી સ્વાગત સભામાં ૧૦,૦૦૦ કરતાં વધુ ભાવિક ભક્તજનોએ અત્યંત ભાવસભર અને અનોખી રીતે તેમનું સ્વાગત કર્યું હતું.

સામાન્ય રીતે દરેક ભાવિકના હૃદયમાં ભગવાન અથવા ગુરુને પોતાના હાથે પુષ્પમાળા અર્પણ કરવાની, મનપસંદ ભોજન અર્પણ કરવાની અને આરતી ઉતારવાની ઈચ્છા રહેલી હોય છે. પરંતુ મહંત સ્વામી મહારાજના માત્ર ૩૪ દિવસના રોકાણ દરમિયાન આટલા વિશાળ ભક્તસમુદાયની આ ભાવના સાકાર થવી શક્ય ન હોવાથી, આજે પ્રતિ રવિવારે યોજાતી રવિસભાને વિશેષ સ્વાગત સભા તરીકે આયોજન કરવામાં આવ્યું હતું. સંતોના અભિનવ આયોજન મુજબ તમામ ભક્તજનો પોતાની સાથે પુષ્પમાળાઓ લઈને આવ્યા હતા તેમજ પોતાને ભાવતા વ્યંજન પણ અર્પણ માટે



સાથે લાવ્યા હતા. આયોજન અનુસાર તમામ ભક્તજનોએ પોતાના સ્થાનેથી જ ભગવાન તથા ગુરુને પુષ્પમાળા અર્પણ કરી, જેના કારણે એક અદભુત અને ભાવવિભોર દૃશ્ય સર્જાયું હતું.

ત્યારબાદ ભક્તજનો દ્વારા ઘરેથી લાવવામાં આવેલા મનપસંદ વ્યંજન પ્રભુ પ્રતિમાઓ તથા મહંત સ્વામી મહારાજને પોતાના સ્થાનેથી જ અર્પણ કરવામાં આવ્યા, જેને ભગવાન અને ગુરુએ અંગીકાર કર્યા હોવાનું ભક્તજનોએ હૃદયપૂર્વક અનુભવ્યું હતું. સભાના અંતે દસ હજારથી વધુ ભક્તજનોએ એકસાથે ભગવાનના સ્વાગતરૂપ કીર્તન ગાયું હતું અને સમૂહ આરતી દ્વારા આ ભવ્ય સ્વાગત સભાનું ભાવસભર સમાપન કરવામાં આવ્યું હતું.

### જો ઉકેલ નહીં આવે તો કમિશનર કચેરી ગજવવાની સ્થાનિકોની ચીમકી

# મંદિરના દ્વારે ગટરના પાણી! સવાદમાં ગંદકીના સામ્રાજ્ય વચ્ચે રોગચાળાની દહેશત



**નાના** બાળકો બીમાર પડ્યા, મંદિરમાં જવું પણ મુશ્કેલ



(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના વોર્ડ નંબર 4 માં આવેલા સવાદ ક્વાર્ટર્સ વિસ્તારના રહીશો છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની સમસ્યાથી ત્રસ્ત છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવતો નથી, જેના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા કોઈ નવી નથી પરંતુ છેલ્લા 6 થી 8 વર્ષથી તેઓ ગટરના ગંદા પાણી અને દુર્ગંધ વચ્ચે જીવવા મજબૂર છે. અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર આશ્વાસન આપવામાં આવે છે અથવા એક ઓફિસેથી બીજી ઓફિસે ધક્કા ખવડાવવામાં આવે છે.

વિસ્તારમાં આવેલ માતાજીના મંદિરની બિલકુલ સામે જ ગટરના પાણી ઉભરાતા હોવાથી ભક્તોને પણ ભારે મુશ્કેલી પડી રહી છે. મંદિરમાં ગંદકી ન પ્રવેશે તે માટે સ્થાનિકોએ સ્વખર્ચે ઓટલો બનાવવો પડ્યો છે. ગંદકીના કારણે નાના બાળકો સતત બીમાર પડી રહ્યા છે અને ઘરમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે.

રોષે ભરાયેલા રહીશોએ જણાવ્યું કે, “કોર્પોરેશન સફાઈ વેરો, પાણી વેરો અને નળ વેરો નિયમિત ઉઘરાવે છે, પરંતુ સફાઈના નામે શૂન્ય કામગીરી છે.”. લોકોએ એમ પણ ઉમેર્યું કે ચૂંટણી સમયે નેતાઓ વોટ માંગવા આવે છે, પરંતુ અત્યારે લોકોની પીડા સાંભળવા કોઈ તૈયાર નથી.

જો વોર્ડ નંબર 4 ના અધિકારીઓ દ્વારા વહેલી તકે આ ગટરની સમસ્યાનો નિકાલ કરવામાં નહીં આવે, તો સ્થાનિકોએ કમિશનર કચેરી ખાતે જઈ ઉગ્ર રજૂઆત કરવાની ચીમકી ઉચ્ચારી છે.